# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# KUTCH GALAXY LIGHT

કચ્છના ભુજમાં રણકાંધી વિસ્તારના આકાશમાં મોડીરાત્રે ત્રણ વાગીને બાર મિનિટે અદભૂત પ્રકાશિત ચમકારો થયો હતો. તારો ખરવા જેવી ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ હતી. આ મુદ્દે ખગોળશાસ્ત્રીઓએ કહ્યું, આકાશમાં ઉલ્કા પડવાની ઘટના હોઈ શકે છે, ત્યારે આ અદભુત આકાશી ચમકારાથી લોકો અચંબિત થયા હતા.

અમારા કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે રાત્રે ૩ વાગ્યાની આસપાસ આકાશમાંથી જાણે લાઈટ જતી હોય કે કોઈ મોટી વસ્તુ પડતી હોય તેવું લાગ્યું હતું. તેમણે વધુમાં આ મુજબ જણાવ્યું ....

(વોઇસકાસ્ટ- હેમાંગ પટ્ટણી, પીટીસી, કચ્છ પશ્ચિમ)

. . . . . . . . . . . .

# VIDHANSABHA

**ગુજરાતના ૧૮,૦૪૬ ગામોમાં જમીન રી સર્વે-માપણીની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જેમાં ગામોના ક્લસ્ટર બનાવીને ખેડૂતોની હાજરીમાં જમીન માપણીની અરજીઓનો નિકાલ કરવામાં આવે છે. આજે વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો મહેસૂલ વિભાગ વતી ઉત્તર આપતાં મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું.**

પોતાના જવાબમાં તેમણે વધુમાં ઉમેર્યું હતું કે  ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં ૯૦૪, કોડીનારમાં ૨૧૧, વેરાવળમાં ૧૩૧ તેમજ સૂત્રાપાડા તાલુકામાં ૬૮૪ એમ ચાર તાલુકામાં તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડૂતોની કુલ એક હજાર ૯૩૦ અરજીઓની જમીન રી સર્વે કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જ્યારે બાકી રહેલી અરજીઓના નિકાલ માટે ગામોના ક્લસ્ટર બનાવીને માઇક્રો પ્લાનિંગથી પૂર્ણ કરવાની કામગીરી પ્રગતિમાં છે.જે બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. આ અરજીઓનો નિકાલ કરવા માટે ખેડૂતો પાસેથી કોઈપણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો નથી

. . . . . . . . . . . .

## PATAN NARMADA CANNEL

પાટણ જિલ્લામાં નર્મદા યોજનાની મુખ્ય નહેરમાંથી નીકળતી શાખા નહેરો દ્વારા સિંચાઈ અંગે વિગતો આપતાં મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ની સ્થિતિએ પાટણ જિલ્લાના ચાણસ્મા, પાટણ, હારિજ, સમી, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર તાલુકાના કુલ  બે લાખ  બે હજાર ૬૪ હેક્ટર વિસ્તારને નર્મદા યોજનાની સિંચાઇ હેઠળ આવરી લેવાયો છે.

આ અંગે મંત્રીએ જણાવ્યું કે પાટણ જિલ્લામાંથી નર્મદા યોજના નહેર નેટવર્ક અંતર્ગત છ શાખા નહેરોનો સમાવેશ થાય છે. જે અંતર્ગત બોલેરા શાખામાં ૩૮ હજાર ૯૫૦ હેક્ટર, રાજપુરા શાખામાં ૫૧ હજાર ૪૪૮ હેક્ટર, અમરાપુરામાં ૩૬ હજાર ૨૪૬ હેક્ટર, ઝીંઝુવાડામાં  ચાર હજાર ૩૧૨ હેક્ટર, રાધનપુર શાખામાં 47

**હજાર ૮૬ હેક્ટર અને કચ્છ શાખા નહેરમાં ૨૪ હજાર ૨૨ હેક્ટર એમ કુલ છ શાખા નહેરોનો સમાવેશ થાય છે.**

. . . . . . . . . . . .

# KUTCH FSL

રાજ્યની સાતમી ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા FSL ભુજ ખાતે મંજૂર કરાઇ છે. કચ્છ જિલ્લાના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે આ નવી કચેરીના બાંધકામ માટે ૩ કરોડ રૂપિયાની ફાળવણી પણ કરી દવાઈ છે. અહીં 34 કર્મચારીના મહેકમ અને તેના પગાર માટે બજેટ પણ ફાળવી દેવાયું છે.

. . . . . . . . . . . .

# JAMNAGAR VACCINATION

**જામનગર જિલ્લામાં ગાય અને ભેંસ વર્ગના પશુઓમાં “ખરવા-મોવાસા રોગ અટકાવ રસીકરણ” કાર્યક્રમ અન્વયે છઠ્ઠા રાઉન્ડનો પ્રારંભ થયો. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં આગામી ૩0 એપ્રિલ સુધીમાં બે લાખ 56 હજારથી વધુ પશુઓનું રસીકરણ કરવામાં આવશે. અગાઉ આ ઝુંબેશ અંતર્ગત બે લાખ 76 હજાર ઘેટા-બકરાનું રસીકરણ કરાયું હતું.**

**ઉલ્લેખનીય છે કે ખરવા-મોવાસા એ પશુઓમાં જોવા મળતો ચેપી રોગ છે, જે દૂધ ઉત્પાદનમાં ઘટાડો, વજનમાં ઘટાડો અને ગંભીર કિસ્સાઓમાં પશુઓના મૃત્યુનું કારણ બની શકે છે. આ રોગને અટકાવવા માટે રસીકરણ એ સૌથી અસરકારક ઉપાય છે.**

. . . . . . . . . . . .

# ARVALLI CRICKET

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે રાજ્યકક્ષાના અન્ન નાગરિક પુરવઠા મંત્રી ભિખુસિંહ પરમારે ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો હતો. જેમાં રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી અનેક ખેલાડીઓ ભાગ લઇ રહ્યા છે. આ પ્રસંગે શ્રી પરમારે જણાવ્યું કે, હાર-જીત નહીં પણ ખેલદિલીની ભાવના મહત્વની છે.

**(બાઈટ : ભિખુસિંહજી પરમાર, રાજ્યકક્ષાના મંત્રી)**

. . . . . . . . . . . .

# MAHESANA PAINTING COMPITION

**મહેસાણા જિલ્લા ની શાળાઓમાં પર્યાવરણ સંરક્ષણ અંતર્ગત હરીત કલા સપ્તાહ દરમિયાન 3 થી 12 ધોરણ સુધી ના વિધાર્થીઓ ની ચિત્ર સ્પર્ધા યોજાઈ**

હતી.જેમાં દસ હજાર જેટલા બાળકોએ ભાગ લીધો હતો....શહેર અને જીલ્લાની 73 શાળાઓના વિધાર્થીઓ એ કૂલ છ હજાર 500 જેટલા ચિત્રો રજૂ કરાયા હતા. તેમાંથી 602 ચિત્રો પસંદ કરી મહેસાણા ની અર્બન સ્કૂલ માં પ્રદર્શન યોજાયું હતુ. પર્યાવરણ થીમ પર દોરેલ ચિત્રો માંથી 10 ચિત્રો ના શ્રેષ્ઠ ચિત્રકાર ને ઇનામ અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા.

. . . . . . . . . . . .